# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા. જિ.પંચમહાલ-૩૮૯૦૦૧


એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૩૨૧૨ તા. ૩૧/૦૫/૨૦૨૨

પરિપત્ર-૨૬૯૪

સંદર્ભ : આ યુનિવર્સિટીનો પરિપત્ર-૨૬૮૧, તા.૧૧/૦૫/૨૦૨૨

શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, મેડીકલ અને પેરા-મેડીકલ વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને તથા સંબંધિત વિદ્યાર્થીઓને જણાવવાનું કે, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરામાં તા.૩૧/૧૦/૨૦૨૧ સુધીમાં કે તે પહેલા અભ્યાસ પૂર્ણ કરેલ હોય અને ફાઈનલ ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા પાત્ર હોય અને જેઓ આ અગાઉ ફાઈનલ ડીગ્રી માટે ઓનલાઈન એપ્લાય કરેલ ન હોય માત્ર તેવા વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in પર જઈ ફાઈનલ ડીગ્રી મેળવવા માટે ૧૧/૦૫/૨૦૨૨ થી ૩૦/૦૬/૨૦૨૨ સુધી ઓનલાઈન એપ્લાય કરી શકશે. આ માટે યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ જરૂરી ફી તથા દંડાત્મક ફી રૂ. ૫૦૦/- પેમેન્ટ ગેટવે સિસ્ટમથી લેઈટ થયેલ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભરવા અને આવેદન-પત્રકની પ્રિન્ટ (હાર્ડકોપી) ભવિષ્યમાં ઉપયોગ અર્થે સાચવી રાખવા માટે સુચના આપવામા આવે છે. આ વર્ષ (૨૦૨૨) ના વિદ્યાર્થીઓ માટે હવે પછીથી જાહેરાત નિયત ફી સાથે આપવામાં આવશે.

નોંધ:- ડીગ્રી સર્ટિફિકેટ અંગેની અરજી કર્યા પછી હાર્ડકોપી વિદ્યાર્થીએ સાચવી રાખવાની રહેશે. યુનિવર્સિટી ખાતે તેની નકલ મોકલવાની રહેશે નહિ. (ડીગ્રી સર્ટિફિકેટ આપે ઓનલાઈન ભરેલ આવેદનમાં લખેલ એડ્રેસ પર ભારતીય ટપાલ દ્વારા મોકલવામાં આવશે)

કા.કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂયુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, મેડીકલ અને પેરા-મેડીકલ વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ અર્થે.